તાપમાન
મહત્તમ : ૩૬.૨ ડીગ્રી
લઘુતમ : ૧૨.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૩ ટકા ● સાંજે ૨૯ ટકા


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૫૨ | ૪ માર્ચ, ૨૦૧૬, શુક્રવાર ; મહા વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## દેશની સમસ્યા માટે કોંગ્રેસ જવાબદાર

**કેટલાક લોકોની વય વધી છે પરંતુ સમજ વધી નથી : મોદીની ટકોર : જીએસટી અને અન્ય મુદ્દા ઉપર કોંગ્રેસ ઉપર મોદીના તીવ્ર પ્રહાર : ૧૮૦૦૦ ગામડા અંધારામાં છે : ટોયલેટની વ્યવસ્થા નથી : લોકસભામાં મોદી છવાયા**



નવીદિલ્હી,તા. ૩ રાહુલ ગાંધી તરફથી પોતાના ઉપર કરવામાં આવેલા પ્રહારનો એક પછી એક જવાબ આપતા વડાપ્રધાન મોદીએ આજે આક્રમક અંદાજમાં કોંગ્રેસની ઝાટકણી કાઢી હતી. મોદીએ આજે તેમના પિતા રાજીવ ગાંધી, દાદી માતા ઈન્દિરા ગાંધી અને દાદા જવાહરલાલ નહેરુ અને સ્ટાલીનના સંદર્ભમાં પ્રતિક્રિયાનો ઉલ્લેખ કરીને કોંગ્રેસની ઝાટકણી કાઢી હતી. સોનિયા ગાંધી અને રાહુલ ઉપર પ્રહાર કરીને મોદીએ ફરી એકવાર આક્રમકતાનો પરિચય આપ્યો હતો. રાષ્ટ્રપતિના ભાષણ પર અભિવાદન પ્રસ્તાવ પર લોકસભામાં વડાપ્રધાને કોંગ્રેસ પર પ્રહાર કર્યા હતા. વડાપ્રધાને કહ્યું હતું કે, છેલ્લા દિવસોમાં જે કંઈપણ થયુ છે તેના દેશ પીડીત છે જેથી ચર્ચા દરમિયાન સંસદનું ગૌરવ જાળવવામાં આવે તે જરૂરી છે. અનેક મુદ્દા ઉપર સરકારને પોતાના પક્ષમાં સ્પષ્ટતા કરવાની જરૂર હોય છે. વડાપ્રધાને નહેરુ, રાજીવ ગાંધીના ભાષણોનો ઉલ્લેખ કર્યો હતો. રાજીવ ગાંધીએ પણ એક વખતે કહ્યું હતું કે, સંસદની ગરિમા જળવાય તે જરૂરી છે. રાજીવ ગાંધીએ કહ્યું હતું કે, તમામને પોતાની વાત રજૂ કરવાની તક મળવી જોઈએ. આ શબ્દ તેમના નથી. બલ્કે ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીના છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, સંસદની કામગીરી નહીં ચાલવાથી દેશ અને સાંસદોનો નુકસાન થઈ રહ્યું છે. સંસદ નહીં ચાલવા પાછળ હિનભાવના જોડાયેલી છે. આના કારણે સંસદની કામગીરી ખોરવાઈ જાય છે. વિપક્ષમાં ઘણા આશાસ્પદ સાંસદ પણ છે જેમને ફાયદો થઈ શકે છે. તેમને પણ બોલાવાની તક મળવી જોઈએ.સંસમાં મહત્વ પૂર્ણ બિલ પસાર કરાવવા માટે સાંસદોને આમંત્રણ આપતા તેમણે કહ્યું હતું કે, વહીવટીતંત્રને જવાબદાર બનાવનાર બિલમાં સહકાર કરવાની જરૂર છે. જીએસટી બિલને લઈને કોંગ્રેસ પર પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે, જીએસટી બિલને પાસ કરવાથી રોકવાના પ્રયાસ થઈ રહ્યા છે. સંસદમાં બિલ લોકશાહીના માળખાને મજબૂત બનાવે છે. સિસ્ટમના દલાલોને દૂર કરવામાં આવે તે માટે પણ બિલ જરૂરી છે. મોદીએ કહ્યું હતું કે, દેશહિતના તમામ બિલ લટકેલા છે. જેથી બિલ પસાર કરવામાં વિપક્ષ સહકાર કરે તે જરૂરી છે. જીએસટી બિલ પણ કોંગ્રેસનું જ છે.





ત્રેવડી ઋતુ - એક જ દિવસમાં ત્રણેય ઋતુનો અનુભવ થાય છે... બુધવારે બપોરે ૩૬.૪ ડીગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું... મોડીરાત્રે ૧૫ ડીગ્રી લઘુતમ તાપમાન નોંધાયું, જ્યારે મધ્યરાત્રિ બાદ ગાજવીજ સાથે એક મી.મી. વરસાદ નોંધાયો... ૨૪ કલાકમાં ત્રણ ઋતુની અનુભૂતિ એટલે મહાવદ-૮નો રાત્રિ દિવસ... પ્રકૃતિની અદ્દભૂત લીલાને કોઈ પામી શક્યું નથી... અને પામી શકશે પણ નહિ... અપર એરપ્રેશરના કારણે છેલ્લા બે દિવસથી રાજ્યના અનેક વિસ્તારોમાં કમોસમી વરસાદ પડે છે... સત્તાવાર માહિતી મુજબ રાજ્યના ૧૦ જીલ્લાના ૨૫ તાલુકાઓમાં વરસાદ નોંધાયો છે... ખેતીવાડીને નુકસાન તો કરશે જ પરંતુ રોગચાળા માટે પણ માર્ગ મોકળો કરશે એમ લાગી રહ્યું છે... વાદળછાયું વાતાવરણ,જમીન પર ભરાયેલા ખાબોચિયા, ક્યારેક તડકો, ક્યારેક છાંયો, ક્યારેક ગરમી તો ક્યારેક ઠંડી... કસોટીના સમયના એંધાણ છે... (તસવીર : દિપક જાની)

## કોંગ્રેસ યુપીમાં ચૂંટણી માટે પ્રિયંકાને જવાબદારી સોંપી શકે

**તમામ જિલ્લાના બ્લોકસ્તરના નેતાઓ સાથે વાતચીત શરૂ : કોંગ્રેસને ઘેર ઘેર સુધી પહોંચાડવા પ્રિયંકાએ બ્લોકસ્તરના નેતાઓને આદેશ આપ્યો હોવાના અહેવાલ : વ્યૂહરચનાકાર પ્રશાંત કિશોરની સહાયતા લેવાશે**



લખનૌ,તા. ૩ ઉત્તરપ્રદેશમાં વિધાનસભાની ચૂંટણીને લઈને તમામ રાજકીય પક્ષો દ્વારા પોત પોતાની રીતે તૈયારી શરૂ કરવામાં આવી ચુકી છે. આ વખતે ચૂંટણી વધારે પડકારરૂપ બની શકે છે. દેશમાં સૌથી વધારે વસ્તી ધરાવનાર અને રાજકીય મોરચે સૌથી ઉપયોગી એવા ઉત્તરપ્રદેશ પર તમામ રાજકીય પક્ષોની નજર કેન્દ્રિત થઈ ગઈ છે. પ્રાપ્ત માહિતી મુજબ કોંગ્રેસમાં નવા પ્રાણ ફુંકવા માટે પ્રિયંકા વાઢેરાને મેદાનમાં ઉતારવામાં આવનાર છે. હજુ સુધી સક્રિય રાજનિતીથી દુર રહેલા પ્રિયંકા વાઢેરાની સક્રિયતા યુપીમાં વિધાનસભાની ચૂંટણીને લઈને વધી રહી છે. છેલ્લા થોડાક મહિનાથી પ્રિયંકા સતત તમામ જિલ્લાના બ્લોક સ્તરના નેતાઓ સાથે

વાતચીત કરી રહ્યા છે. જેમાં પ્રિયંકા વાઢેરાએ નેતાઓને કોંગ્રેસને ઘર ઘર સુધી પહોંચાડવાની સુચના

● અનુસંધાન પાન-૭ પર

## રાજ્યમાં મહા મહિને માવઠું

**ગાંધીનગર-અમદાવાદમાં બુધવારે મોડી રાત્રે વરસાદ : દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં વરસાદ : તાપી જિલ્લાના નિજર અને નવપુરમાં ગાજવીજ સાથે કરા પડતા લોકોમાં ઉત્સુકતા : વરસાદની આગાહી**

અમદાવાદ,તા. ૩ અમદાવાદ સહિત રાજ્યના ઘણા ભાગોમાં સતત બીજા દિવસે વરસાદી માહોલ રહ્યો હતો. દક્ષિણ ગુજરાતમાં તાપી જિલ્લાના નિજર અને નવા પુરામાં કરા પડ્યા છે. અમદાવાદમાં મોડીરાત્રે શરૂ થયેલો વરસાદ આજે સવારે પણ જારી રહ્યો હતો. જેના કારણે સવારમાં કેટલીક જગ્યાએ નોકરી પર જતા લોકો અટવાયા હતા. સાથે સાથે પલડી પણ ગયા હતા. રસ્તા પર પાણી હોવાના કારણે સવારમાં બાઈક સ્લીપ થઈ જવાના પણ કેટલાક બનાવો બન્યા હતા. ગુજરાતમાં છેલ્લા એક સપ્તાહથી જોરદાર બફારા અને ગરમીના કારણે લોકો પરેશાન થયા હતા. ગઈકાલે સાંજે એકાએક હવામાનમાં પલટો આવ્યો હતો અને વરસાદી માહોલ જામ્યો હતો. જો કે મોડી રાત્રે વરસાદની શરૂઆત થઈ હતી. મોડી રાત્રે વરસાદ શરૂ થયા બાદ સવારમાં પણ વરસાદ પડ્યો



● અનુસંધાન પાન-૭ પર

### ગાંધીનગરમાં મોડી રાતે ગગનભેદી વિજકડાકા

**માવઠાથી ખેતપાકો પર ખતરોઃ ખેડુતોની મીટ આકાશ તરફ મંડરાઈ એક મી મી વરસાદ વરસ્યો : મોડીરાતે ચોમેર ભીંજારો પ્રવર્તયો : વિજકડાકાથી નગરજનોમાં બે ઘડી ભય પ્રવર્તયો**

ગાંધીનગર તા ૩

શહેરમાં ગત મોડી રાતે વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. રાત્રિના અચાનક જ આકાશમાં વરસાદી વાદળો ઘેરાઈ આવ્યા હતા. જયારે ગગનભેદી વિજકડાકા વચ્ચે વરસાદ ખાબકયો હતો. મહા મહીનાના માવઠાથી શહેરમાં વરસાદી પાણીનો ભીંજારો પ્રવર્તયો હતો. કમૌસમી વરસાદના ઝાપટા સાથે અસહ્ય વિજકડાકાથી બેઘડી નગરજનોના જીવ ઉંચા થઈ ગયા હતા.શહેરમાં ૧ મી મી વરસાદ વરસ્યો હતો. કમૌસમી વરસાદના લીધે જિલ્લાના ખેડુતઆલમમાં પણ ચિંતા પ્રર્વતી હતી. આ માવઠાના લીધે જીરૂ અનેવરિયાળી સહીતના ખેતપાકો પ્રભાવિત થયા હતા.

શહેરમાં ઠંડીની મૌસમે વિદાય લઈ લીધી હોવાનો અહેસાસ નગરજનો છેલ્લા એક સપ્તાહથી કરી રહયા છે. તાપમાનમાં ઠંડી ગરમીના પારાની ચઢઉતર વચ્ચે થોડાસમય બેવડી ઋતુનો અનુભવ કર્યા બાદ શહેરીજનો છેલ્લા એક અઠવાડીયાથી ઉનાળા જેવી આકરી ગરમીનો

● અનુસંધાન પાન-૭ પર

## વિકાસ ગ્રોથ એન્જિન ગુજરાત રિવર્સમાં જઈ રહ્યું છે : વાઘેલા

**અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચા વેળા આકરા પ્રહારો કર્યા : સૌનો સાથ સૌનો વિકાસ, અચ્છે દિન આયેંગે જેવી શાબ્દિક બાબતો સાકાર થાય તે જરૂરી : ગુજરાત અને ગુજરાતીઓ નાણાકીય ગેરશિસ્તમાં અટવાયા**

અમદાવાદ, તા.૩ ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ આજરોજ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચામાં ભાગ લેતાં જણાવ્યું હતું કે ગુજરાત સરકારનું બજેટ એ સામાન્ય પ્રજાની આશા, આકાક્ષાઓ અને ભાવનાઓની સાથે સંકળાયેલ શબ્દ છે. સૌના સાથ સૌનો વિકાસ અચ્છે દિન આયેંગે આવી શાબ્દિક વાતો ભાજપ સરકારે પ્રજાની લાગણીઓ માટે કરેલ હોય તે પ્રજા માટે સાકાર થાય તો સારૂ. વિકાસ એ વધતી પ્રક્રિયા છે, તેને બ્રેક નહીં લાગણી જોઈએ. છેલ્લા ૧૫ વર્ષથી બજેટનો ઉપયોગ આંકડાની માયાજાળ, અપૂરતી માહિતી, શાબ્દીક વર્ણનો, કાલ્પનિક કથાઓ અને પ્રજાને મૃગજળ દેખાડવાની કસરત બની રહ્યું છે. ગુજરાતમાં

ભાજપ સરકાર વિકાસની વાતો કરે છે, તે વિકાસ સ્થગિત થઈ ગયો છે. ક્યાંક ઘટી ગયો છે જે વિકાસ થઈ રહ્યો છે. દા.ત બેકારીનો વિકાસ, પ્રજાનું દેવું બે લાખ કરોડ સુધી તેમાં નાણાકીય શિસ્ત જાળવી હોય તો આ હાલત ન થાય તેનો

● અનુસંધાન પાન-૭ પર






આવો બચાવીએ પાણી, સ્વચ્છ રાખીએ આંગણ તથા ઘર